જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૧૧/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા:– **સમાચાર યાદી નં.૧૫૪૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ, ૦૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧ બીયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૯૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયત:– **સમાચાર યાદી નં.૧૫૪૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી:– **સમાચાર યાદી નં.૧૫૪૩/૨૦૨૬**

બાપુનગર: સંદીપભાઈ સ/ઓ સદાનંદ ગ્યાનશાહુ ગુપ્તા (ઉ.વ.૨૬)(રહે. કવિનગર, મહાકાળી વાવ પાસે, બાપુનગર) એ તા.૩૧/૧૦/૨૦૨૬ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૬ ૨૦૨૬ નારોજ સંદીપભાઈ ગુપ્તાના મોબાઈલ ફોનના વોટસએપમાં મોબાઈલ નંબર ૮૭૪૨૯૦૨૫૩૨ થી “eChalla Anndroid.spy.1787.origin” નામની લીંક આવતા, જે ઓનલાઈન ચલણ આવેલું છે તેવું સમજી લીંક ઉપર ક્લિક કરતા થોડા સમયમાં સંદિપભાઈ ગુપ્તાનો ફોન અપડેટમાં જતો રહેલ હતો અને ફોનમાં બ્લેક સ્ક્રીન આવી ગઈ હતી. ત્યારબાદ આશરે બે કલાક બાદ ફોન ચાલુ થતા ફોન ચેક કરતા સંદિપભાઈ ગુપ્તાના બેંકના ખાતામાંથી બે ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂપિયા ૫૫,૦૦૦/– IndusInd Bank બેંકના ખાતાના ધારકે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લઈ સંદિપભાઈ સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.કે.ગઢવી ચલાવે છે.

કૃષ્ણનગર: લાબાકુમાર સુબલભાઈ પ્રામાણિક (ઉ.વ.૪૬)(રહે. ઘરણીધર બંગલો, નવા નરોડા, કૃષ્ણનગર) એ તા.૩૧/૧૦/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૯/૨૦૨૬ ના રોજ અજાણી વ્યક્તિએ લાબાકુમારના મોબાઈલ ફોન ઉપર કોલ કરી ક્રેડીટકાર્ડ લેવા બાબતે જણાવી લાબાકુમારનુ આધારકાર્ડ વોટ્સઅપ દ્વારા મેળવી લઈ, તા.૧૫/૦૯/૨૦૨૬ ના રોજ લાબાકુમારના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ક્રેડિટકાર્ડમાંથી રૂપિયા ૧,૫૨,૯૦૩/– અને તા.૧૯/૦૯/૨૦૨૬ ના રોજ તેમના રત્નાકર બેંક લિમિટેડના ક્રેડિટકાર્ડમાંથી રૂપિયા ૨,૨૫,૩૬૩/– મળી કુલ રૂપિયા ૩,૭૮,૨૬૬/– ઓનલાઈન ટ્રાન્સફર કરી લઈ લાબાકુમાર પ્રામાણિક સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એચ.જોષી ચલાવે છે.

વટવા: (૧) દિનેશભાઇ સ/ઓ સોમાજીભાઇ ઠાકોર (ઉ.વ.૩૯)(રહે.દેવીમાતા ઠાકોર વાસ, વટવા ગામ, વટવા) એ તા.૩૧/૧૦/૨૦૨૬ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૬ સાંજના ૪/૩૦ થી તા.૩૧/૧૦/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન મોબાઇલ નંબર ૬૨૯૯૪૯૨૬૫૬ ના ધારકે કોલ કરી ક્રેડીટકાર્ડ પરથી ગુગલ પે એપ્લીકેશનમાંથી પૈસા ઉપાડી શકાય તેવું જણાવી દિનેશભાઇને વિશ્વાસમાં લઇ, તેમના ગુગલ પે એકાઉન્ટમાં ઓ.ટી.પી. સેટ કરાવી, દિનેશભાઇ ઠાકોરના બેંકના ખાતામાંથી ઓનલાઇન રૂપિયા ૯૮,૧૨૩/- તથા ક્રેડીટકાર્ડમાંથી રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૮,૧૨૩/- અન્ય ખાતામાં ટ્રાન્સફર કરી લઇ દિનેશભાઇ ઠાકોર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એ.વછેટા ચલાવે છે.

વટવા: (૨) ગૌરીબહેન વા/ઓ વાલજીભાઇ પટેલ (ઉ.વ.૭૫)(રહે. મહાદેવ પ્લેટીનીયમ જોગર્સ પાર્કની બાજુમાં ઘોડાસર) એ તા.૩૧/૧૦/૨૦૨૬ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૨૦૨૬ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે વટવા જોગર્સ પાર્ક પાસે એક અજાણ્યો પુરૂષ ગૌરીબહેન સાથે-સાથે ચાલતો હતો ત્યારે બીજા બે અજાણ્યા પુરૂષઓએ ભેગામળી ગૌરીબહેન સાથે-સાથે ચાલતા પુરૂષને બોલાવી કહેલ કે આગળ પોલીસ ઉભી છે તેમ કહેતા ગૌરીબહેન સાથે-સાથે ચાલતા પુરૂષે તેના ગળામાં પહેરેલ કંઠી તેના શર્ટના ખિસ્સામાં મુકી દિધેલ. ત્યારબાદ અજાણ્યા પુરૂષોએ ગૌરીબહેનના હાથમાં પહેરેલ સોનાની બે બંગડીઓ કિંમત રૂપિયા ૨,૨૦,૦૦૦/- તથા ગળામાં પહેરેલ સોનાની કંઠી કિંમત રૂપિયા ૨,૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૪૦,૦૦૦/- મતાના દાગીના ઉતરાવી લઇ એક કાગળમાં વીંટીને ગૌરીબહેનની થેલીમાં મુકાવી થેલી ગૌરીબહેનને આપી જતા રહ્યા હતા. ત્યારબાદ ગૌરીબહેને ઘરે જઈ થેલીમાં જોતા હાથમાં પહેરાવાના પાટલા નકલી જોવા મળ્યા હતા. જે સોનાના દાગીના યુક્તિ-પ્રયુક્તિ કરી બદલી લઇ ગૌરીબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.યુ.રહેવર ચલાવે છે.

ઘરફોડ:- **સમાચાર ચાદી નં.૧૫૪૪/૨૦૨૬**

નારોલ: જશોદાબહેન દીપકકુમાર રાવલ (રહે.પ્રાર્થનાનગર રંગોલીનગર પાસે નારોલ) એ તા.૩૧/૧૦/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૬ સવારના ૧૧/૦૦ થી તા.૨૬/૧૦/૨૬ સવારના ૦૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬,૫૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.સાબડ ચલાવે છે.

વાસણા: જીગીશાબહેન વા/ઓ રાકેશકુમાર પટેલ (રહે.સ્વતંત્રતા ફ્લેટ રજવાડું હોટલ પાસે મલાવ તળાવ રોડ જીવરાજપાર્ક વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૯/૨૦૨૬ સવારના ૦૯/૩૦ થી સાંજના ૦૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ નારુભાઈ ચલાવે છે.

ચોરી:- **સમાચાર ચાદી નં.૧૫૪૫/૨૦૨૬**

શાહપુર: જીરાબહેન વા/ઓ ભગતસિંગ દાતણીયા (ઉ.વ.૭૦)(રહે, તાનીયા મહાજનની વાડી, નાગોરીવાડ, શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૦/૨૦૨૬ રાતના ૧૦/૩૦ વાગ્યા થી તા.૩૧/૧૦/૨૦૨૬ કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.ચૌધરી ચલાવે છે.

લુંટઃ– **સમાચાર ચાદી નં.૧૫૪૬/૨૦૨૬**

શહેરકોટડાઃ રાહુલ ઘનશ્યામ ગુપ્તા (ઉ.વ.૨૭)(રહે, ગામ–સુનેલ, અહીલ્યા બાઇ મુર્તી સામે, તા.સુનેલ, જી.ઝાલાવાડ, રાજસ્થાન) એ તા.૩૧/૧૦/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે રાહુલ ગુપ્તા તેમની પત્ની સાથે અમદાવાદ શહેર ખાતે કપડાની ખરીદી કરવા સારૂ કોટા રાજસ્થાન થી ટ્રેઈન મારફતે તા.૨૪/૧૦/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે અમદાવાદ અસારવા રેલવે સ્ટેશન આવ્યા હતા. અસારવા રેલવે સ્ટેશનથી બહાર નિકળી કાલુપુર રેલવે સ્ટેશન ખાતે જવા માટે શટલ ઓટોરિક્ષામાં બેઠા હતા. જે ઓટોરીક્ષા ચાલક તથા તેમાં બેસેલ ત્રણ પુરૂષઓએ ભેગામળી ચાલું રિક્ષામાં રાહુલ ગુપ્તાના ખીસામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– કાઢી લઇ ધમકી આપી રાહુલ ગુપ્તા અને તેમની પત્નીને ચામુંડાબ્રીજ જી.સી.એસ.હોસ્પીટલના કોર્નર નજીક રિક્ષામાંથી ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.ચાવડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૫૪૭/૨૦૨૬**

રામોલઃ પ્રહલાદભાઇ મણીલાલ પઢીયાર (ઉ.વ.૫૬) (રહે. હરજી પાર્ક સોસાયટી મહાદેવ નગર વસ્ત્રાલ રોડ) એ બિમારીથી કંટાળી તા.૩૧/૧૦/૨૦૨૬ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી